# ખનીજ ચોરી સામે તંત્રની લાલ આંખ

**૧૦ દિવસમાં ધાનેરા વિસ્તારમાંથી ખાણ-ખનીજ વિભાગે ૯ અને થાવર આરટીઓ અધિકારીએ ૨૨ ડમ્પરો ઝડપ્યા :: બનાસકાંઠા જિલ્લાના ખાણ-ખનીજ વિભાગે ધાનેરામાંથી ૯ ડમ્પરો ઝડપી સંતોષ માની લીધો : થાવર આરટીઓ એ લાલ આંખ કરતા ડમ્પર ચાલકો એ રસ્તો બદલ્યો બાપલા થી સીધા રાજસ્થાન : ગુંદરી આરટીઓ પણ ઊંઘમાંથી જાગે તેવી લોક માંગ**

ફાઈલ ફોટો







ડીસાની બનાસ નદીમાંથી ખનીજ ચોરી કરી રાજસ્થાનમાં પહોંચાડવાનું મોટું કૌભાંડ ચાલી રહ્યું હતું અને ખનીજ ચોરી કરતા ડમ્પર ચાલકો બેફામ ચાલી રહ્યા હતા ત્યારે આ બાબતે ધાનેરાના એક જાગૃત નાગરિક દ્વારા થાવર આરટીઓ ચેક પોસ્ટ પર લેખિતમાં રજૂઆત કરતા આરટીઓ અધિકારી શ્રી જે એચ પરમારે ડમ્પર ચાલકોને પાઠ ભણવાનું શરુ કર્યું હતું અને ડમ્પર ચાલકો સામે લાલ આંખ કરી હતી ખાણખનીજ વિભાગને સાથે રાખી ૯ ડમ્પર ઝડપી ૧૮ લાખ જેટલો દંડ ફટકાર્યો હતો અને તે બાદ ખાણખનીજ વિભાગના અધિકારીઓ ભૂગર્ભમાં ઉતરી ગયા હતા પરંતુ આ અધિકારીએ તેની કામગીરી ચાલુ રાખી અન્ય ૨૨ જેટલા ડમ્પરો ઝડપી કાયદેસરની કાર્યવાહી કરતા લોકોએ પણ તેમની કામગીરી વખાણી હતી. જિલ્લાનું ખાણખનીજ વિભાગ સક્રિય બને તેવી લોક માંગ ઉઠવા પામી છે કેમ કે "દરિયા માંથી ડોલ ભરવાથી કાંઈ દરિયો ખાલી નથી થઈ જતો" બનાસકાંઠા જિલ્લાના ખાણખનીજ વિભાગે ધાનેરામાંથી ૯ ડમ્પરો ઝડપી સંતોષ માની લીધો અને ડમ્પર ચાલકો ફરીથી બેફામ બની ચોર રસ્તે ખનીજ ચોરી કરવાનું ચાલુ કરી દીધું છે અને જો ખાણખનીજ વિભાગ ને ચોર રસ્તા ખબર ન હોય તો મીડિયાના માધ્યમથી અમે ખાણખનીજ વિભાગને ચોર રસ્તો બતાવીએ અત્યારે ડમ્પર ચાલકો વીઠોદર, ખીંમત, વાલેરા, વોડા, રામપુરામોટા શેર અને રાજોડા બાપલાથી રાજસ્થાનમાં જાય છે. ધાનેરા વિસ્તારમાં ખાણખનીજ વિભાગે એક દિવસ આવી રાત્રીના સમયે ૯ ડમ્પર ઝડપ્યા હતા તે બાદ ડમ્પર ચાલકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો પરંતુ ખાણખનીજ વિભાગે ઢીલી નીતિ અપનાવતા આજે આ ડમ્પર ચાલકો ફરીથી બેફામ બની ગયા છે અને ચોર રસ્તેથી ખનીજ ચોરી કરી રહ્યા છે. ત્યારે ધાનેરા વિસ્તાર આવતા ચોર રસ્તા ઉપર થાવર આરટીઓ અધિકારી બાજ નજર રાખી રહ્યા છે અને ચોર રસ્તેથી પસાર થતા ૨૨ જેટલા ડમ્પરો ઝડપાઈ કાયદેસરની કાર્યવાહી કરી છે ત્યારે હવે લોકો પણ કહી રહ્યા છે કે જિલ્લાનું ખાણખનીજ વિભાગ અને ગુંદરી આરટીઓ અધિકારી પણ જાગૃત બને અને ડમ્પર ચાલકોને પાઠ ભણાવે ત્યારે હવે જોવાનું એ રહે છે કે કે કયારે ખાણખનીજ વિભાગ અને ગુંદરી આરટીઓ જાગૃત બને છે તેતો સમય જ બતાવશે.



**વૃક્ષારોપણ કે માર્ગ હોનારત ?** - બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસામાં નગરપાલિકા દ્વારા વગર વરસાદે વૃક્ષા રોપણ કરવામાં આવ્યું છે તેમાં પર્યાવરણની જાળવણી સાથે શહેરની શોભામાં પણ અભિવૃદ્ધિ થાય તેવા ઉમદા હેતુથી જલારામ મંદિરથી સરદાર બેગ સુધીના રોડના ડિવાઈડર વચ્ચે રોપા વાવવામાં આવ્યા છે અને તે રોપાના રક્ષણ માટે પિંજરા પણ ગોઠવાયા છે પરંતુ પિંજરાને ગોઠવવામાં વેઠ વાળી છે જે પિંજરા સિમેન્ટ દ્વારા ફિટ ના કરાતાં આ પિંજરા અવારનવાર રોડ ઉપર પડી જાય છે જેનાથી ઉલટાનું ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાવાની દહેશત વર્તાય છે તેથી રોડ ઉપર પડેલા પિંજરાના કારણે વાહન ચાલકોની હાડમારીઓ વધી જવા પામી છે જેને ગંભીરતાથી લઈ કોઈ અનહોની સર્જાય તે પૂર્વે પાલિકા દ્વારા સત્વરે ઘટતાં પગલાં ભરાય તેવો જનમત પ્રવર્તે છે.

# સાબરકાંઠામાં વરસાદી માહોલ વચ્ચે ઉકળાટ યથાવત

હિંમતનગર, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લામાં બે દિવસથી વાતાવરણમાં આવેલા પલ્ટાને લીધે વરસાદ થવાની આશા બંધાઈ છે પરંતુ ગુરૂવારે વાતાવરણમાં આવેલા પલ્ટા બાદ આખો દિવસ ઉકળાટ યથાવત રહ્યો હતો. વરસાદ ખેંચાવાના કારણે ગામડાઓમાં એક તરફ પાક મુરઝાઈ રહ્યો છે તો બીજી તરફ પીવાના પાણીની પણ બુમરાણ મચી રહી છે.

સાબરકાંઠામાં છેલ્લા ૨૫ દિવસથી મેઘરાજા રિસામણા મનામણા કરી રહ્યા હોવાને કારણે મૂંગા પશુઓ તથા પંખીઓ અને ખેડૂતોએ વાવેતર કરેલ પાક મુરઝાઈ રહ્યો છે. વરસાદ ન પડવાને કારણે દિનપ્રતિદિન ભૂગર્ભ જળ પાતાળમાં પહોંચી ગયા છે. જેના લીધે જિલ્લામાં મુખ્યત્વે પીવાના પાણીની તંગી શરૂ થઈ ગઈ છે. જિલ્લામાં આવેલા મોટા ચેકડેમ સહીત નદી નાળામાં નવા જળ આવ્યા નથી.

## વાદળછાયું વાતાવરણ રહેતા વરસાદની આશા વધી

દરમ્યાન બે દિવસથી વાતાવરણમાં આવતા પલ્ટાને લીધે લોકો વરસાદની કાગડોળે રાહ જોઈ રહ્યા છે. પરંતુ વરસાદનું ટીંપુ પણ પડતુ નથી. દરમ્યાન ગુરૂવારે આકાશ વાદળોથી ઘેરાઈ ગયુ હતુ જેના લીધે હિંમતનગર, પ્રાંતિજ, તલોદ સહીતના અન્ય વિસ્તારોમાં વરસાદના સામાન્ય છાંટા પડ્યા હતા. જેના લીધે બપોર બાદ વાતાવરણમાં બાફ અને ઉકળાટ વધી જતા લોકો ત્રાહીમામ પોકારી ગયા હતા.

હવામાન વિભાગના જણાવાયા મુજબ ગુરૂવારે રાત્રે અને શુક્રવારે દિવસ દરમ્યાન જિલ્લામાં હળવો વરસાદ થવાની આગાહી કરાઈ છે ત્યારે આમ જનતા પણ વરસાદ થાય તે માટે વિવિધ મંદિરોમાં તથા ગામડાઓમાં વરસાદ માટે યજ્ઞ કરીને વિનવણી કરવા લાગી ગયા છે. ગુરૂવારે હિંમતનગરમાં ગુરૂત્તમ તાપમાન ૩૩ ડિગ્રી રહ્યુ હતુ જ્યારે લઘુત્તમ તાપમાન ૨૭ ડિગ્રી રહ્યુ છે.

**બાયડના ધોમ ગામ પ્રાથમિક શાળામાં**

# જીવાતથી ખદબદતા ચણાનો જથ્થો ફળવાતાં સંચાલકની જાગૃતતાથી તંત્ર દોડતું થયું

બાયડ, તા. ૨૫

અરવલ્લી જીલ્લામાં મધ્યાહન ભોજનની લાલીયાવાડી અને ભ્રષ્ટાચારથી ખદબદતો હોવાની અનેક બૂમો સમય અંતરે ઉઠી રહી છે. સરકાર કરોડો રૂપિયાની ગ્રાન્ટ મધ્યાહન ભોજન પાછળ ખર્ચી રહી હોવા છતાં ભ્રષ્ટ તંત્રના લીધે રાજ્યમાં કુપોષિત બાળકોનો રેશિયો આકાશે આંબી રહ્યો છે. બાયડ તાલુકાની કેટલીક પ્રાથમિક શાળોમાં મધ્યાહન ભોજન અંતર્ગત ફાળવવામાં આવેલ ચણાનો જથ્થો હલકી કક્ષાનો અને જીવાતથી ખદબદતો હોવાની બુમ ઉઠી છે.



અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકાના ધામ ગામે આવેલ સરકારી પ્રાથમિક શાળામાં મધ્યાહન ભોજન માટે ફાળવવામાં આવેલ ચણાનો જથ્થો હલકી કક્ષાનો અને જીવાતથી ખદબદતો હોવાથી મધ્યાહન ભોજનના સંચાલકે ગામના યુવા અગ્રણીને જણાવતા "ગાંધીનગર સમાચાર"ના પ્રતિનિધિનો સંપર્ક કરતા તંત્ર દોડતું થયું હતું. મધ્યાહન ભોજન નાયબ મામલતદાર રાકેશ જોશી તાબડતોડ ધોમ ગામે પહોંચી સ્થળ તપાસ કરી ચણાનો જથ્થો પરત મોકલી આપી નવો જથ્થો પૂરો પાડવાની તજવીજ હાથ ધરી હતી.

બાયડની ધોમ ગામની પ્રાથમિક શાળામાં મધ્યાહન ભોજન માટે ફાળવવામાં આવેલ જથ્થો સાઠંબા ગામની સસ્તા અનાજની દુકાનમાંથી ફાળવવામાં આવ્યો હતો. સસ્તા અનાજની દુકાનના સંચાલક જીગ્નેશ જોશીના જણાવ્યા અનુસાર ચણાનો જથ્થો બાયડ પુરવઠા વિભાગના ગોડાઉનમાંથી જે જથ્થો આવ્યો હતો તે જ જથ્થો ધોમ ગામની પ્રાથમિક શાળાના મધ્યાહન ભોજનના સંચાલકને ફાળવવામાં આવ્યો હોવાનું જણાવ્યું હતું.

બાયડ ગોડાઉન મેનેજર એન.એન. નિનામાને ચણાનો જથ્થો જીવાતથી ખદબદતો અને હલકી કક્ષાનો ફાળવવા અંગે પુછાતા જણાવ્યું હતું કે ગોડાઉન પર આવતો અનાજ, કઠોળના જથ્થાની લેબોરેટરી કરાવવામાં આવ્યા પછી અનાજ, કઠોળનો નમૂનાની તપાસ થાય ત્યારે જ જીલ્લા કક્ષાએથી ઓર્ડર મળે પછી ગોડાઉન પરથી અનાજ-કઠોળનો જથ્થો સપ્લાય થતો હોવાનું જણાવ્યું હતું. બાયડ મધ્યાહન ભોજનમાં તંત્ર એકબીજાને ખો આપી છટકવાનો પ્રયત્ન કરતુ હોવાનું જણાઈ આવતા સમગ્ર મામલા અંગે બાયડ પ્રાંત અધિકારી દ્વારા તાલુકાની તમામ પ્રાથમિક શાળાઓમાં ફાળવાયેલા ચણાના જથ્થાની તપાસ કરવામાં આવે અને કસુવાર સામે પગલાં ભરવામાં આવેની માંગ જાગૃત નાગરિકોમાં પ્રબળ બની છે.

# તલોદમાં બાપદાદાની જમીન મેળવવા ઉપવાસ પર ઉતરવાની ચિમકી

હિંમતનગર, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાના તલોદ ખાતે રહેતા એક પરીવારના મોભીએ પોતાના બાપદાદાની જમીન રીગ્રાન્ટ કરવા માટે કોર્ટ કચેરીના ધક્કા ખાવા છતાં તેમાં સફળતા ન મળી હોવાનો આક્ષેપ કરીને ઉપવાસ પર ઉતરવાની ચિમકી આપી તે અંગે ગુરૂવારે જિલ્લા કલેક્ટરને લેખિત રજુઆત કરી છે.

આ રજુઆતમાં તલોદના બળવંતસિંહ મોહનભાઈ વણકરે કરેલા આક્ષેપ મુજબ તેમના બાપદાદાની તલોદમાં આવેલ સર્વે નં. ૧૯૯/અ ની જમીન ગમે તે કારણોસર રીગ્રાન્ટ કરવા માટે હાઈકોર્ટ તથા સંલગ્ન વિભાગની કચેરીઓમાં આધાર પુરાવા સાથે રજુઆત કરી હોવા છતાં તેમને ન્યાય મળ્યો નથી. હાઈકોર્ટે આ જમીન રીગ્રાન્ટ કરવા માટે કરેલા આદેશનું પાલન ન થતું હોવાનું જણાવીને આખરે તેમણે ન્યાય મેળવવા માટે ઉપવાસ પર બેસવાનું નક્કી કર્યુ છે અને તે અંગે ગુરૂવારે જિલ્લા કલેક્ટરને લેખિત જાણ કરીને તમામ જવાબદારી સરકારને માથે થોપી દીધી છે.



# શક્તિપીઠ અંબાજી મંદિરમાં પર્જન્ય યજ્ઞ યોજાયો, યજ્ઞમાં ૧૨ હજાર આહુતિઓ અપાઈ

શક્તિ, ભક્તિ અને આસ્થાનો ત્રિવેણી સંગમ એટલે શક્તિપીઠ અંબાજી. ગુજરાત અને દેશનું લોકપ્રિય શક્તિપીઠ છે. આ ધામ અરાવલીના પહાડોમાં વસેલું જગતજનની મા અંબાનું પ્રાચીન તીર્થ છે. હાલમાં ચોમાસાની ઋતુ હોઈ વરસાદ આ વિસ્તારમાં ઓછો હોઈ આ વિસ્તારની જનતા ત્રાહિમામ પોકારી ઉઠી છે. ત્યારે આજે અંબાજી મંદિરની હવન શાળામાં સમગ્ર વિશ્વના કલ્યાણ માટે "પર્જન્ય યજ્ઞ"નું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. જેમા અંબાજી મંદિરના ૭૧ વિદ્વાન બ્રાહ્મણો દ્વારા આ હવન સવારથી સાંજ સુધી કરવામા આવ્યો હતો. પર્જન્ય યજ્ઞમાં આજે ૧૨,૦૦૦ આહુતિઓ આપવામાં આવી હતી જેમા અર્ક, નેતર, સમીધા, તલ, જવ, પાયસ અને ઘી દ્વારા આ હવનમાં વિવિધ પ્રકારના મંત્રોચ્ચાર દ્વારા ઈન્દ્ર દેવતાને ખુશ કરવા માટે વિવિધ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા. આ હવનમાં ૯ કુંડનો ઉપયોગ કરવામા આવ્યો હતો. અંબાજી યાજ્ઞિક મિત્ર મંડળ દ્વારા આ હવન કરવામાં આવ્યો હતો.

# રામપુરામાં મકાનમાં આગ લાગતા ઘરવખરી બળીને ખાખ



ડીસા, તા. ૨૫

ડીસા તાલુકાના રામપુરા ગામે વહેલી પરોઢે એક મકાનમાં આકસ્મિક આગ ફાટી નીકળતા આગની વિકરાળ જ્વાળાઓમાં તમામ ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ હતી તેથી પરિવારની હાલત ઉપર આભ અને નીચે ધરતી જેવી થઈ જતા પંથકમાં અરેરાટી છવાઈ છે.

રામપુરા ગામના મહેન્દ્રભાઈ મફતલાલ શાહ પરિવાર સાથે ગામના રાજુભાઈ નાઈના મકાનમાં ભાડે રહે છે અને છૂટક વેપાર કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. નોટબંધી બાદ વેપાર ધંધા પડી ભાંગ્યા છે તેમ છતાં તેઓ નિતનવા કથળા કરી કાળઝાળ મોંઘવારીમાં પણ પરિવારનું ગાડું ગબડાવ્યે રાખે છે. ત્યારે ગઈકાલે વહેલી પરોઢે ધરમીના ઘરે ધાડ ઉક્તિ યથાર્થ ઠરતા તેમના રહેણાંક ઘરમાં અચાનક આગ ફાટી નીકળી હતી અને જોતજોતામાં આગની વિકરાળ જ્વાળાઓમાં ઘરની અનાજથી માંડી કપડાં લતા સહિતની ઘર વખરી બળીને ખાખ થઈ ગઈ હતી. આગમાં દોઢથી બે લાખનું નુકશાન થતા આખો પરિવાર રોડ ઉપર આવી જવા પામ્યો છે જે સમાચાર વાયુવેગે પંથકમાં પ્રસરી ઉઠતા હર કોઈએ આઘાતનો આંચકો અનુભવ્યો છે. ગ્રામજનોએ પ્રાથમિક તબક્કે શોર્ટસર્કિટના કારણે આગ લાગી હોવાનું અનુમાન વ્યક્ત કર્યું હતું પરંતુ વિષમ પરિસ્થિતિમાં લાગેલી આગમાં એક પરિવારનો માળો વિખેરાયો છે ત્યારે જવાબદાર તંત્ર માનવીય અભિગમ દાખવી સહાય કરે તેવી ગ્રામજનોએ માંગ કરી હતી.

# સાઠંબા ગામે મહિલાનો કેરોસીન છાંટી આત્મવિલોપનનો પ્રયાસ પોલીસે નિષ્ફળ બનાવ્યો

બાયડ, તા. ૨૫

બાયડ તાલુકાના સાઠંબા ગામના અને હાલ મેઘરજ ધંધાર્થે રહેતા પરિવારની વડીલોપાર્જીત જમીન ગામના અને સમાજના વ્યક્તિઓ જમીન તેમના નામે કરી દેતા વાળંદ પરિવારે જીલ્લા મહેસુલ વિભાગ અને ગાંધીનગર જમીન મહેસુલમંત્રી સુધી રજુઆત કરવા છતાં ન્યાય નહિ મળતા વર્ષાબેન દિનેશભાઈ વાળંદ નામની મહિલાઓ જમીન પર પહોંચી શરીરે કેરોસીન છાંટી આત્મવિલોપનનો પ્રયાસ કરતા પરિવારજનો અને સાઠંબા પોલીસે મહિલાના આત્મવિલોપનના પ્રયાસને નિષ્ફળ બનાવી અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

સાઠંબા ગામના દિનેશભાઈ રામભાઈ વાળંદ ધંધાર્થે પરિવાર સાથે મેઘરજ રહે છે. સાઠંબા ગામમાં તેમના પિતા રામભાઈ સોમાભાઈ વાળંદની જમીન આવેલી છે પરિવાર બહાર રહેતો હોવાથી સમાજના સ્વ.કોદીબેન પુંજાભાઈ વાળંદના વારસદારોએ જમીન પડાવી લઈ કબ્જો કરી દેતા જમીન પરત મેળવવા બાયડ દીવાની કોર્ટમાં દાવો દાખલ કરતા જમીન પચાવી પાડનાર શખ્સોએ તા.૧૫-૦૬-૨૦૦૧ના રોજની શિક્ષણ ઉપકરની પોતાના નામની બનાવટી પહોંચ સાઠંબા ગ્રુપ ગ્રામ પંચાયતે આપેલ આ પહોંચ દીવાની કોર્ટ બાયડમાં જમીનમાં પોતાનો કબ્જો બતાવવા માટે આધાર પુરાવા તરીકે રજુ કરેલ હતી બનાવટી પહોંચ અંગે તપાસ કરવા ગુજરાત મહેસુલ તપાસની કમિશ્નરે બનાવટી પહોંચ અંગેની તપાસ અરવલ્લી જીલ્લા કલેક્ટરને સોંપી હતી પરંતુ વહીવટી તંત્રએ તપાસ ન કરતા પરિવારજનો નાસીપાસ થઈ ગયા હતા.

દિનેશભાઈ વાળંદની પત્ની વર્ષાબેને ન્યાય નહિ મળતા વડીલોપાર્જિત જમીનમાં કેરોસીન છાંટી આત્મવિલોપનનો પ્રયાસ કરતા જેના પગલે ભારે અફરાતફરી મચી જવા પામી હતી. જોકે, તેઓ પોતાના શરીરે આગ ચાંપે તે પહેલાં આજુબાજુથી દોડી આવેલા લોકોએ અને પોલીસે તેનો આ પ્રયાસ નિષ્ફળ બનાવ્યો હતો. તેમના પરિવારની ખેતીની જમીન ગામના શખ્સોએ કેટલાક લોકોની મીલીભગતથી પચાવી પાડતા આ પગલું ભર્યુ હોવાનું જણાવતાં મહિલાને પોલીસ મથકે લઈ જવામાં આવ્યો હતી. આ ઘટનાને પગલે લોકોનું ટોળું એકત્ર થઈ ગયું હતું અને ભારે ઉત્તેજના પ્રસરી ગઈ હતી.

# વસાઈમાં ઝઘડાની અદાવત રાખી માર મારતા એક વિરૂદ્ધ ફરીયાદ

હિંમતનગર, તા. ૨૫

વિજયનગર તાલુકાના વસાઈ ગામના એક ઈસમ સાથે અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખીને અઠવાડીયા અગાઉ ડગલા ગામના એક શખ્સે ઈસમના પિતા પર લોખંડની પાઈપથી હુમલો કરી ઈજા પહોંચાડ્યાની ફરીયાદ બુધવારે વિજયનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે નેલાઈ ગામના બળવંતભાઈ જીવાજી સોલંકીએ નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ ગત તા. ૧૮ જુલાઈના રોજ ડગલા ગામના અર્જુનભાઈ કમુજી સોલંકીએ બળવંતભાઈ સોલંકીના પિતા જીવાજી મીઠાજી સોલંકીને એવું કહ્યું હતું કે તુ મારી કાકીને રાખેલ હતી. જે અંગે અગાઉ ઝઘડો પણ થયો હતો. ત્યારબાદ અર્જુનભાઈ સોલંકીએ આ ઝઘડાની અદાવત રાખી જીવાજી સોલંકી સાથે ઉશ્કેરાઈ જઈ ઝઘડો કરી તેમને ગાળો બોલી લોખંડની પાઈપ વડે પગે ઈજા પહોંચાડી ઘાયલ કર્યા હતા. જેથી બળવંતભાઈ સોલંકીએ ડગલાના અર્જુનભાઈ સોલંકી વિરૂદ્ધ બુધવારે વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# મોડાસા માથાસુલીયા પ્રાથમિક શાળાના ભૂલકાઓ માથે તોળાતું મોતનું જોખમ

**ગામની પાણીની ટાંકી જર્જરિત હાલતમાં**




મોડાસા, તા. ૨૫

મોડાસા તાલુકાના માથાસુલીયા ગ્રામજનોને પુરૂ પાડતી પીવાના પાણીની ટાંકી વર્ષો જૂની હોવાથી જર્જરિત થઈ ગઈ છે. માથાસુલીયા પ્રાથમિક શાળાના પ્રવેશદ્વાર નજીક અને મેદાન પાસે પાણીની જર્જરિત ટાંકીથી શાળામાં અભ્યાસ કરતા બાળકોના માથે મોતનો ભય તોળાઈ રહ્યો છે. ગ્રામપંચાયત અને જવાબદાર તંત્ર દ્વારા જર્જરિત પાણીની ટાંકી થી શાળાના બાળકનો કે ગ્રામજનો માટે ગમે તે ઘડીએ મોત બની ત્રાટકે તે પહેલા ઉતારી લેવામાં આવેની માંગ ઉઠી છે.

માથાસુલીયા પ્રાથમિક શાળામાં ૧૫૦થી વધુ બાળકો અભ્યાસ કરી રહ્યા છે. શાળાના પ્રવેશદ્વાર નજીક અને બાળકોના રમત મેદાન નજીક ગ્રામજનોને પુરા પાડતા પાણીના જથ્થાના સંગ્રહ માટે બનાવેલી પાણીની ટાંકી વર્ષો જૂની હોવાથી ગમે તે સમયે ફાટી જાય તો બાળકો માટે મોટી હોનારત સર્જી શકે છે. પાણીની ટાંકીના પાયા સાવ ખવાઈ ગયા છે તેમજ ઉભા કરેલા વર્ષો જૂના સિમેન્ટ કોંક્રિટના બિંબમાં પણ હાલ સળિયા કટાઈ ગયેલી હાલતમાં બહાર દેખાવા લાગ્યા છે. પાણીની ટાંકી પડુ પડુ થઈ રહી છે વરસાદમાં ટાંકી ધરાશાયી થાય તો જાનહાની થાય તો જવાબદારી કોની રહેશે.

જર્જરિત પાણીની ટાંકી નજીક મંદિર પણ આવેલું હોવાથી ભક્તો પણ ચિંતિત બન્યા છે પાણીની ટાંકીની આસપાસ કાયમ માટે વરસાદી માહોલ હોય તેમ પાણીનો વેડફાટ થાય છે. શાળાઓમાં અભ્યાસ અર્થે જતા બાળકો કે ગ્રામજનો ગંદકીમાંથી પસાર થવું પડી રહ્યું છે. માથાસુલીયા પ્રાથમિક શાળા નજીકથી જોખમી વીજ તાર હટાવવા પણ વીજતંત્ર માં રજુઆત કરી હોવા છતાં વીજતંત્ર પણ આંખ આડા કાન કરી રહ્યું છે.